# પોલીસ ખાતામાં લોકરક્ષકની ભરતી

# જાહેરાત

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય, પોલસ ભવન, ગાંધીનગર.

ગુજરાત રાજયના પોલીસ દળમાં લોકરક્ષક હથિયારી / બિન હથિયારી (પુરુષો અને મહિલાઓ) ની કુલઃ ૮૭૩૪ જગ્યા કરારનાં ધોરણે રૂ.૨૫૦૦/- ના માસિક ફીકસ પગારથી ભરવા માટેના યોગ્ય ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાતમાં બતાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજી પત્રક મંગાવવામાં આવે છે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખઃ ૨૧/૦૩/૨૦૦૯ છે.

**જગ્યાની વિગત**

હથિયારી / બિન હથિયારી (પુરુષ તથા મહિલા) લોકરક્ષકની કુલઃ ૮૭૩૪ જગ્યાઓ (કુલ જગ્યાના ૧૦% માજી સૈનિકની જગ્યાઓ અનામત રહેશે.) સદરહુ જગ્યાની સંખ્યામાં ફેરફારને અવકાશ રહેશે.

લોકરક્ષક હથિયારી / બિન હથિયારી તરીકે કરારનાં ધોરણે ફીકસ પગારથી નિમાયેલ વ્યકિત પાંચ વર્ષનાં અંતે તેની સેવાઓ સંતોષ કારક જણાયેથી રાજયના પોલીસ દળમાં પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ-૩ નાં સંવર્ગમાં રૂ. ૨૭૫૦-૪૪૦૦ તેમજ સુધારેલ પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

**(૧) શૈક્ષણિક લાયકાત :**

(૧) ગુજરાત હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ ધ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી સ્કુલ સર્ટિફીકેટ એકઝામિનેશન (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

(૨) ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેકટ્રોનીક એકક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટી ધ્વારા ચલાવવામાં આવતા કોર્સ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટસ (CCC )નું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇશે અથવા રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૧/૦૫ના સરકારી ઠરાવ નંબરઃપરચ/ ૧૦૨૦૦૨/૬૭૨(૧)ગ-૨ થી નકકી કરેલ સમકક્ષ અભ્યાસક્રમનું સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. આ પ્રમાણપત્ર ઉમેદવારે આખરી પસંદગી થયેથી સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ના ઠરાવ નં.પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક. મુજબ અજમાયશી સમય દરમ્યાન મેળવી લેવાનું રહેશે. હાલમાં આવું પ્રમાણપત્ર નહી ધરાવનાર ઉમેદવાર પણ અરજી કરી શકશે.

(૩) ગુજરાતી અને હિન્દી ભાષાની પૂરતી જાણકારી ધરાવતા હોવા જોઇશે.

**(૪) પસંદગીમાં અગ્રીમતા મેળવવાને પાત્ર લાયકાત :**

(૧) ગુજરાતી (૨૦ શબ્દો)/ અંગ્રેજી (૪૦ શબ્દો) ટાઇપ (જી.સી.સી. પરીક્ષા પાસ)

(૨) લાઇટ અથવા હેવી મોટર ડ્રાઇવીંગની જાણકારી અને તેનું લાયસન્સ ધરાવનાર.

(૩) સાઇકલીંગ અથવા તરવાનું જ્ઞાન.

(૪) રાજય સરકાર ધ્વારા અથવા માન્ય સ્પોર્ટસ એસોસીએશન ધ્વારા માન્યયોગ સંબંધી સ્પર્ધા કે ખેલકૂદમાં પ્રથમ, દ્વિતીય કે તૃતીયસ્થાન મેળવેલ હોય.

(૫) રાજય કક્ષાની માન્ય ખેલકૂદમાં ભાગ લીધેલ હોય.

(૬) એન.સી.સી. ના ''સી'' સર્ટીફીકેટની પરીક્ષા પાસ

(૭) પોલીસ બેન્ડવિંગમાં વપરાતા કોઇ બેન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવાનું જ્ઞાન

(૮) હોમ ગાર્ડસ અથવા નાગરિક સંરક્ષણમાં (સીવીલ ડીફેન્સ) ત્રણ વર્ષની કામગીરી અને તેનો રીફ્રેશર કોર્સ અને પાયાની તાલીમ લીધેલ હોય.

(૯) ઉંટ / ઘોડે સવારી કરવાની આવડત.

**(૨) વય મર્યાદા :**

(૧) પુરુષ ઉમેદવારની ઉંમર **૧૮** વર્ષથી ઓછી નહી અને **૨૨** વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૨) મહિલા ઉમેદવારની ઉંમર **૧૮** વર્ષથી ઓછી નહી અને **૨૫** વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૩) મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.

(૪) માજી સૈનિકો કે જેઓએ કોમ્બેટન્ટ યુનિટમાં કામ કરેલ હોય તેઓ માટે ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષની રહેશે. જયારે નીચે મુજબની લાયકાતો પૈકી કોઇ પણ લાયકાત ધરાવતા નિવૃત્ત લશ્કરી કર્મચારી માટે ઉપલી વયમર્યાદા ૪૭ વર્ષની રહેશે.

(૧) બોમ્બ અને સ્ફોટક પદાર્થોના હેન્ડલીંગ અંગે વિશેષ જ્ઞાન ધરાવતા હોય અથવા

(૨) ઝડપી હથિયાર (રેપીડ ફાયર આર્મ્સ) ચલાવવામાં કુશળતા હોય, અથવા

(૩) હથિયારોનું સમારકામ કરી શકતા હોય અથવા આર્મરર તરીકે સશસ્ત્ર દળોમાં ફરજ બજાવેલ હોય, અથવા

(૪) ભારતના લશ્કરમાં, ઘોડે સવાર યુનીટમાં ફેરીયર (ઘોડાની નાળ બાંધનાર), સવાર, રીસાલદાર અથવા રીસાલદાર-મેજર તરીકે કામ કરેલ હોય, અથવા

(૫) લશ્કરમાં બેન્ડ, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારમાં કામ કરેલ હોય.

**નોંધઃ** તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઉંમર અને શૈક્ષણિક લાયકાત તારીખઃ ૩૧/૦૩/૨૦૦૯ ના રોજની સ્થિતિએ ગણવામાં આવશે.

**(૩) (૧) શારીરિક લાયકાત :- (પુરુષો માટે)**

**(અ) ઉંચાઇ :** ઓછામાં ઓછી ૧૬૨ સે.મી. (મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૧૫૭ સે.મી.) હોવી જોઇએ.

**(બ) છાતી :** ફુલાવ્યા વગર ઓછામાં ઓછી ૭૭ સે.મી. હોવી જોઇએ અને ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલતી હોવી જોઇએ.

**(૨) શારીરિક લાયકાત :- (મહિલાઓ માટે)**

**(અ) ઉંચાઇ :** ઓછામાં ઓછી ૧૫૦ સે.મી. (મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જનજાતિના ઉમેદવારોના કિસ્સામાં ૧૪૫ સે.મી.) હોવી જોઇએ.

**(બ) વજન :** ૪૫ કિ.ગ્રા. થી ઓછું નહીં.

**(૪) પરીક્ષા પધ્ધતિ :-**

લોકરક્ષકની જગ્યા પર પસંદગી મેળવવા માટે ઉમેદવારે નીચે દર્શાવેલ પરીક્ષાની પ્રક્રિયામાંથી તબકકાવાર પસાર થવાનું રહેશે. પરીક્ષા પ્રક્રિયાનો ક્રમ નીચે મુજબનો રહેશે.

**(૧)** શારીરિક ક્ષમતા કસોટી (શારીરિક માપના પરીક્ષણ સહિત) :-

શારીરિક ક્ષમતા કસોટીના કુલ ગુણ ૧૦૦ રહેશે. નીચેની દરેક કસોટી સામે બતાવેલ ઓછામાં ઓછું ધોરણ હાંસલ કરનાર ઉમેદવારને જ તે પછીના તબક્કાની પરીક્ષામાં બોલાવવામાં આવશે.

**(અ) પુરુષો માટે :**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧૬૦૦ મીટર દોડ | : | ૬ મીનીટી અને ૩૦ સેકન્ડ |
| (૨) | ઉંચો કુદકો | : | ૧.૨૨ મીટર |
| (૩) | લાંબો કુદકો | : | ૪.૨૭ મીટર |
| (૪) | ગોળા ફેંક | : | (૭.૨૫૭ કિ.ગ્રા.અથવા ૧૬ lbs) ૫.૯૦ મીટર |
| (૫) | પુલ અપ્સ | : | ૫ વખત (હથેળી પોતાની બાજુ રહે તે રીતે) |
| (૬) | રસ્સા ચડ | : | ૫.૩૪ મીટર |
| (૭) | સાયકલીંગ | | |

**(બ) મહિલા માટે :**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧૦૦ મીટર દોડ | : | ૧૮ સેકન્ડમાં |
| (૨) | ઉંચો કુદકો | : | ૦.૯૯ મીટર |
| (૩) | લાંબો કુદકો | : | ૨.૭૮ મીટર |
| (૪) | ગોળા ફેંક | : | (૭.૨૫૭ કિ.ગ્રા.અથવા ૧૬lbs) ૩.૮૧ મીટર |
| (૫) | ૮૦૦ મીટર દોડ | : | ૪ મીનીટ અને ૫ સેકન્ડ |

**નોંધ :** શારીરિક કસોટીનાં માપ ધોરણમાં ફેરફાર કરવાની બાબત હાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જેમાં ફેરફાર થયેથી ઉમેદવારોને જાણ કરવામાં આવશે.

**(૨) મુખ્ય પરીક્ષા :**

શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક માપના પરીક્ષણમાં લાયક ઠરેલ ઉમેદવારને મુખ્ય પરીક્ષાની નીચે દર્શાવેલ પ્રક્રિયામાંથી તબક્કાવાર પસાર થવાનું રહેશે.

**(અ) લેખિત કસોટી (હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર) :**

ઉમેદવાર પાસેથી અપેક્ષિત જ્ઞાનની ચકાસણી માટે કુલ: ૧૦૦ ગુણનું હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર રહેશે. હેતુલક્ષી પ્રશ્નો સામાન્ય જ્ઞાન અને માનસશાસ્ત્ર વગેરે વિષયો પૈકીના શશે. આ પ્રશ્નોનું ધોરણ ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ ધ્વારા લેવાતી હાયર સેકન્ડરી સ્કુલ સર્ટીફિકેટ એકઝામીનેશન (ધોરણ-૧૨) સમકક્ષ રહેશે.

**(બ) રૂબરૂ મુલાકાત (ઇન્ટર્વ્યુ) :**

ઉપર દર્શાવેલ લેખિત કસોટીના અંતે ભરતી બોર્ડ નક્કી કરે તેવું લઘુત્તમ લાયકી ધોરણ (ગુણાંક) પ્રાપ્ત કરેલ ઉમેદવારોને જ રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાત (ઇન્ટર્વ્યુ) ના ૨૫ ગુણ રહેશે.

**(૩) પરીણામ :**

ભરતી બોર્ડ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં પ્રાપ્ત કરેલ કુલ ગુણના આધારે મેરીટ ક્રમાનુસાર પસંદગી અને પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ કરશે.

**(૫) અરજી પત્રક અંગેની સુચનાઓ :**

(૧) આ સાથેના અરજી પત્રકના નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી પત્રકનો નમૂનો લીગલ સાઇઝ (૮.૫ X ૧૪ ઇંચ) ના કાગળ પર ઝેરોક્ષ કરાવીને ઉમેદવારે પોતાના હસ્તાક્ષરમાં ભરીને અરજી કરવાની રહેશે.

**(૨) ભરેલ અરજી પત્રક રજુ કરવાનું સ્થળ :**

રાજયના દરેક જીલ્લાની પોલીસ કમિશનરશ્રીની કચેરી / પોલીસ અધિક્ષકશ્રીની કચેરી.

**(3) ભરેલ અરજી પત્રક રજુ કરવાનો સમયગાળો :**

તા.૧૬/૦૨/૨૦૦૯ થી તા.૧૩/૦૩/૨૦૦૯ સુધીમાં (કામકાજનાં દિવસોમાં) સવારે ૧૧-૦૦ થી સાંજના ૧૬-૦૦ સુધીમાં

(૪) ટપાલથી મળેલ અરજી પત્રકો પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં.

(૫) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીમાં કોઇ અરજી પત્રકનું વિતરણ કે સ્વીકાર કરવામાં આવશે નહીં તેમ છતાં અરજી પત્રકો મોકલવામાં આવશે તો આવાં અરજી પત્રકો રદ ગણવામાં આવશે.

(૬) અરજદારે ભરેલ નિયત અરજી પત્રક રૂબરૂમાં જે તે જીલ્લાની પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નિયત તારીખો દરમ્યાન આપીને કોમ્પ્યુટરાઇઝડ પહોંચ મેળવી લેવાની રહેશે. આ પહોંચ અરજદારે ભરતી પ્રક્રિયાની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી પૂરાવા તરીકે સાચવીને રાખવાની રહેશે.

(૭) ભરેલ અરજી પત્રક પરત સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૧/૦૩/૨૦૦૯ છે. આ તારીખ બાદ કોઇ અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

(૮) અરજદારે કોઇ પણ એક જીલ્લામાં નિયત અરજી પત્રક રજુ કરવાનું રહેશે. અરજદારે એક કરતા વધારે અરજી પત્રક ભરેલ હશે તો તેવા કિસ્સામાં તે અરજદારના તમામ અરજી પત્રકો રદ કરવાપાત્ર થશે.

(૯) લોકરક્ષક હથિયારી (પુરુષ), લોકરક્ષક બિન હથિયારી (પુરુષ) અને લોકરક્ષક (મહિલા) ની જગ્યાએ ઉમેદવારી નોંધાવવા માંગતા અરજદારે એક જ નિયત અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૦) અરજદારે નિયત અરજી પત્રક સાથે કોઇ પણ જાતના અસલ પ્રમાણપત્ર કે તેની નકલો બીડવાની રહેશે નહીં.

(૧૧) નિયત અરજી પત્રકમાં અરજદારે ચોકકસ દર્શાવેલ જગ્યાએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ગુંદરથી ચોંટાડીને તેની ઉપર અરજદારે પોતાની સહી કરવાની રહેશે.

(૧૨) નિયત અરજી પત્રકના તમામ કોલમો બોલપેન / ઇન્કપેનથી યોગ્ય રીતે અને સુવાચ્ય રીતે ભરીને અરજદારે પોતાની સહી અરજી પત્રકમાં ઠરાવેલ જગ્યાએ કરવાની રહેશે.

(૧૩) અરજદારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રકિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ ભરતી બોર્ડ માગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે.

(૧૪) નિયત પરીક્ષા ફી વિનાનું, અધુરી વિગતોવાળું, ખોટી માહિતી ભરેલું, ક્ષતિયુકત અને ભરતી બોર્ડ માંગણી કરે ત્યારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતોના અસલ પુરાવાઓ યથા સમયે રજુ ન કરનાર ઉમેદવારનું અરજી પત્રક જે તે તબકકે રદ થવાને પાત્ર રહેશે, અને ઉમેદવારી પણ રદ થવાને પાત્ર રહેશે. તેમજ ભરતી બોર્ડ દ્વારા આ ઉમેદવાર સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**(૬) પરીક્ષા ફી :- (પરત નહીં મળવાપાત્ર)**

(૧) સામાન્ય વર્ગના અરજદારે અરજી પત્રક સાથે શારીરિક ક્ષમતા કસોટીની ફી પેટે રૂા. ૧૦૦/- (અંકે રુપિયા એકસો પુરા) રોકડેથી ચુકવવાના રહેશે.

(૨) શારીરિક ક્ષમતા કસોટી બાદ મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારે ભરતી બોર્ડ ઠરાવે તેટલી ફી મુખ્ય પરીક્ષા અગાઉ ભરતી બોર્ડ ઠરાવેલ સમય-મર્યાદામાં ભરવાની થશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક તરીકે પછાત વર્ગના તેમજ માજી સૈનિક ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુકિત આપેલ હોઇ, નિયત અરજી પત્રકમાં કરાયેલ અરજી સાથે તેઓએ કોઇ પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

**(૭) સામાન્ય સૂચનાઓ :**

(૧) ઉમેદવારોને નિમણૂંક માટે સામાન્ય રીતે ગુણાનુક્રમમાં વિચારવામાં આવશે. જો કે, પરીક્ષામાં સફળ થવાથી જ નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. રાજય સેવામાં નિમણૂંક માટે ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે એ માટે જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી નિમણૂંક સત્તાધિકારીને સંતોષ થાય તો જ ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે.

(૨) ભરતી બોર્ડ ઉકત પરીક્ષા પ્રકિયાના ક્રમ કે પધ્ધતિમાં ફેરફાર કરી શકશે.

(૩) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઇ પણ માહિતીની ખરાઇ/ચોકસાઇ કર્યા સિવાય પ્રાથમિક તબકકે ભરતી બોર્ડ દ્વારા નિયત અરજી પત્રકો સ્વીકારવામાં આવશે. આ અરજી પત્રકમાં ઉમેદવારે દર્શાવેલ જન્મ તારીખ,શૈક્ષણિક લાયકાત અને જાતિ કે અન્ય કોઇ વિગત ભવિષ્યમાં કોઇ પણ તબકકે ખોટી હોવાનું માલુમ પડશે તો તે ઉમેદવાર સામે ભરતી બોર્ડ દ્વારા કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

(૪) આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ભરતી બોર્ડને સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે અને ભરતી બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખ : ૧૧/૦૨/૨૦૦૯.

સ્થળ : ગાંધીનગર.

સહી/-
અધિક પોલીસ મહાનિદેશક,
(વહીવટ),ગુ.રા.,ગાંધીનગર.

લોકરક્ષક હથિયારી / બિન હથિયારી (પુરૂષ / મહિલા) ની જગ્યા પર ભરતી અંગેનું

**અરજી પત્રક**

For Office Use Only

અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રા ગુંદરથી ચોટાડવો

૧. ઉમેદવારનું નામ: (અંગ્રેજી પહેલી ABCD માં લખવું)

( નામ) (પિતા/પતિનું નામ) ( અટક )

૨. પત્રવ્યવહારનું સરનામું (અરજદારના નામ સિવાય ની વિગતો અંગ્રેજી પહેલી ABCD માં લખવું)

૩. જન્મ તારીખ (અંગ્રેજીમાં) Date Month Year

૪. કેટેગરી: (લાગુ પડતા એક જ ખાનામાં (✓) બતાવવું બાકીનાં ખાના ખાલી રાખવા)

૧. બિન-અનામત ☐ ૨. અનુ. જાતિ ☐

૩. અનુજનજાતિ ☐ ૩. સા. અને શૈ.રીતે પછાત ☐

૫. માજી સૈનિક હા ☐ ના ☐

૬. જાતિ પુરુષ ☐ મહિલા ☐

૭. શૈક્ષણિક લાયકાત: એચ.એસ.એસ.સી.ઇ. (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ છો? હા ☐ ના ☐

૮. જાહેરાત મુજબ શારીરિક માપ ધરાવો છો ? હા ☐ ના ☐

૯. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ પસંદગીમાં અગ્રતા મેળવવાને પાત્ર લાયકાતો પૈકીની લાયકાત ધરાવતા હો તો જાહેરાતમાં દર્શાવેલ જે તે લાયકાતનાં ક્રમ મુજબ નીચે દર્શાવેલ યોગ્ય ક્રમાંક સામે (✓) થી બતાવવું

૧. ☐ ૨. ☐ ૩. ☐ ૪. ☐ ૫. ☐ ૬. ☐ ૭. ☐ ૮. ☐

હું આથી સોગંદ પૂર્વક એકરાર કરૂં છું કે ઉપર જણાવેલ બધી વિગતો સત્ય છે, વધુમાં જો આ માહિતી ભવિષ્યમાં કોઇ પણ તબકકે ખોટી જણાય તો મંડળ ધ્વારા જે પગલા લેવાશે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ:

તારીખ:

(ઉમેદવારની સહી)

નોંધ: (૧) શૈક્ષણિક લાયકાતનું અને જન્મ તારીખના પુરાવા રૂપે શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ. (૨) જાતિ અંગેના પ્રમાણપત્ર, સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારે ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થતો હોવા અંગેનો સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડવી (૩) માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવાના પુરાવાની ઝેરોક્ષ નકલ બીડવી અને (૪) તમામ કેટેગરીના ઉમેદવારોએ પોતાના નામ અને સરનામાવાળું ૨૭ X ૧૨ સે.મી.ની સાઇઝનું રૂ. દસની ટપાલ ટીકીટ લગાડેલ પરબીડીયું બીડવું.

# પ હોં ચ

આથી પહોંચ આપવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી/કુ.............................................. .............................................. શહેર / ગામ .................................... તાઃ.............................. જીઃ ...................................... નાઓએ હથિયારી/બિન હથિયારી/મહિલા લોકરક્ષકની ભરતી માટેનું અરજી પત્રક અત્રેની કચેરીમાં તાઃ ................................ નાં રોજ..................... કલાકે નીચે મુજબનાં બિડાણો તથા પરીક્ષા ફી (રૂ. ૧૦૦ રોકડા) સાથે આપેલ છે. જેની અમોએ ખાતરી કરેલ છે.

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

(૬)

(૭)

(૮)

સ્થળઃ .................................... સ્વીકારનારની સહી...............................

તારીખઃ ................................